૧૦ દિવસમાં બીજી કાર્યવાહી; પાવી-જેતપુરના મોટી રાસલીમાંથી મશીન-ટ્રક કબજે

## છોટાઉદેપુર જિલ્લામાં FSનો રેતી માફિયાઓ પર ફરી એકવાર સપાટો : મોટી રાસલી નદી માંથી ૧.૨૫ કરોડનો મુદ્દા માલ જપ્ત

**ગેરકાયદે** રેતી ખનન સામે વડોદરા ફ્લાઈંગ સ્કવોડની મોટી કાર્યવાહી, બે મશીન અને બે ગાડી જપ્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા.8

છોટાઉદેપુર જિલ્લામાં ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનન અને વહન સામે વડોદરા ફ્લાઈંગ સ્કવોડ (FS)ની ટીમે ફરી એકવાર સપાટો બોલાવ્યો છે. છેલ્લા દસ દિવસમાં બીજી વખત કાર્યવાહી કરતાં ટીમે પાવીજેતપુર તાલુકાના મોટી રાસલી ગામે દરોડો પાડી બે

મશીન સહિત બે ટ્રક જપ્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત રૂ. 1.25 કરોડ જેટલી હોવાનું સામે આવ્યું છે.

છેલ્લા ઘણા સમયથી છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં આડેધડ રેતી ખનન અને વહનની પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચર્ચાઓ વચ્ચે વડોદરા ફ્લાઈંગ સ્કવોડની ટીમ સક્રિય બની છે. ટીમ દ્વારા બાતમીદારોને સક્રિય કરી ગેરકાયદેસર ખનન અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે અને તેના આધારે એક પછી એક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

મોટી રાસલી ગામે હાથ ધરાયેલી કાર્યવાહીમાં બે મશીન અને બે ગાડી સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફ્લાઈંગ સ્કવોડની સતત કાર્યવાહીને પગલે ગેરકાયદેસર રેતી ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હોવાનું જણાઈ રહ્યું છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે, જો ખનીજ વિભાગ દ્વારા આવી જ રીતે સતત અને અસરકારક નજર રાખવામાં આવે તો ગેરકાયદેસર રેતી ખનન પર અંકુશ લાવી શકાય તેમ છે. સાથે જ ખનીજ રોયલ્ટી અને અન્ય સરકારી આવકમાં પણ વધારો થઈ શકે છે.

હવે ફ્લાઈંગ સ્કવોડની આ કાર્યવાહી બાદ સ્થાનિક ખનીજ તંત્ર દ્વારા આગળ શું કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર રેતી ખનન સામે કાયમી અંકુશ માટે શું પગલાં લેવાય છે તે જોવું રહ્યું.

વાયરલ વીડિયોમાં મોટો જથ્થો, પોલીસ ચોપડે માત્ર ૫ ટીન!

## અહેવાલ બાદ સંખેડા પોલીસ હરકતમાં, બુટલેગર સામે પાંચ બોટલનો કેસ

**મીડિયામાં** પ્રસિદ્ધ થયેલા વીડિયોમાં ૨૧ બોટલ દારૂ દેખાય અને ગુનો માત્ર ૫ બોટલનો !

(પ્રતિનિધિ) સંખેડા, તા.8

સંખેડામાં ખાતે ચાલતા દારૂના વેપલાના મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થયા બાદ સંખેડા પોલીસે દારૂના અડ્ડા પર કાર્યવાહી તો કરી, પણ આ કાર્યવાહી માત્ર કાગળ પર જ થઈ હોય તેવા ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

મીડિયામાં અંગ્રેજી દારૂના વેચાણના સમાચાર અને વીડિયો વાયરલ થયા બાદ સંખેડા પોલીસ હરકતમાં આવી હતી અને

તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે અલ્પેશ માછી ઉર્ફે બુલેટ કાળીયો નિલેશભાઈ માછી નામના શખ્સ પાસેથી વિદેશી દારૂ મળી આવ્યો હોવાનું જણાવી ગુનો નોંધ્યો હતો.

પોલીસ ચોપડે આ ગુનો માત્ર 5 ટીન દારૂ નો નોંધવામાં આવ્યો છે. પણ વીડિયો કંઈક અલગ જ કહે છે! જે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે અને જેના આધારે પોલીસે કાર્યવાહી કરી, તે વીડિયોમાં સ્પષ્ટપણે 21 નંગ વિદેશી દારૂની બોટલ/ટીન અને બિયરની એક આખી પેટી પેક અને બે છૂટા બિયરના ટીન સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

ત્યારે સંખેડા પોલીસની કામગીરી ઉપર સવાલો ઉઠી રહ્યા છે. વીડિયોમાં 21 બોટલ દેખાતી હોય તો પોલીસે માત્ર 5 ટીનનો જ કેસ કેમ બનાવ્યો ? બાકીનો દારૂ ક્યાં ગયો?

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે સંખેડા પોલીસે ઓછી બોટલનો કેસ બનાવીને સંતોષ માની લીધો છે. પરંતુ મોટા જથ્થાનો કેસ બનાવવાને બદલે નાના કેસમાં સમેટી લેવાથી બુટલેગરને જલ્દી જામીન મળી જાય અને કાયદાની ચૂંગાલમાંથી છટકી જાય છે. તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે.

વેપાર-ધંધા સાથે સાંસ્કૃતિક આદાનપ્રદાનને પણ વેગ મળશે

## પ્રતાપનગરથી ટાંડારોડ ટ્રેનને ડભોઈથી લીલી ઝંડી આપી વિદાય કરવામાં આવી

**ગુજરાત**-મધ્યપ્રદેશ વચ્ચે વધશે જોડાણ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.8

ગુજરાત અને મધ્યપ્રદેશને રેલવે માર્ગે જોડતી મહત્વની નવી ટ્રેન સેવાનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડોદરા પ્રવાસ દરમિયાન કરવામાં આવ્યો હતો. પ્રતાપનગરથી મધ્યપ્રદેશના ધાર જિલ્લાને જોડતી આ ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી. ધાર જિલ્લાના લોકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થતાં સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

પ્રતાપનગરથી ટાંડા રોડ વચ્ચે આશરે ૨૦૦ કિલોમીટરનો રેલવે

માર્ગ છે. આ માર્ગ પર ટ્રેન સેવા શરૂ થતાં ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે વેપાર-ધંધાને વેગ મળવાની સાથે બંને રાજ્યો વચ્ચે લોકોની અવરજવર પણ સરળ બનશે. ખાસ કરીને મધ્યપ્રદેશના ધાર સહિત આસપાસના વિસ્તારોના લોકોને વડોદરા આવવા-જવા માટે આ ટ્રેન આશીર્વાદરૂપ સાબિત થશે.

ટ્રેન ડભોઈ રેલવે મથકે પહોંચતાં વડોદરા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અશ્વિન પટેલ, પૂર્વ મહામંત્રી અમિત સોલંકી, વોર્ડ નં. ૧ના ભાજપના નગરસેવક રાજુ ઠાકોર સહિતના આગેવાનો અને કાર્યકરોએ ટ્રેનનું સ્વાગત કર્યું હતું. આગેવાનોએ ટ્રેનને લીલી ઝંડી બતાવી ટાંડા રોડ તરફ પ્રયાણ કરાવ્યું હતું.

નવી રેલવે સેવા ગુજરાત અને મધ્યપ્રદેશને વધુ નજીક લાવી વેપાર-ધંધા, રોજગાર તેમજ સાંસ્કૃતિક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપશે. શરૂઆતના તબક્કામાં ટ્રેનની એક ટ્રીપ જવાની અને એક ટ્રીપ પરત આવવાની રહેશે. આગામી સમયમાં મુસાફરોનો પ્રતિસાદ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી ટ્રેનના ફેરા વધારવામાં આવે તેવી શક્યતા છે.

## ઝાલોદની ૧૭૦ મહિલા પીઠ મહાદેવ યાત્રાએ રવાના

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

શ્રાવણ માસને લઈને ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નં. 4ના કાઉન્સિલરો દિનેશ પંચાલ અને ખુશ્બુબેન દિગપાલ વસૈયા દ્વારા વોર્ડની મહિલાઓ માટે પીઠ મહાદેવની ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વોર્ડની આશરે 170 જેટલી મહિલાઓ બે બસ મારફતે આ ભક્તિમય યાત્રામાં જોડાઈ હતી. ઝાલોદથી સવારે આશરે 10:30 કલાકે નાળિયેર વધેરી યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહિલાઓએ 'હર હર મહાદેવ' અને 'જય ભોળાનાથ'ના જયઘોષ સાથે યાત્રા શરૂ કરી હતી. બસમાં સમગ્ર માર્ગ દરમિયાન ભજન-કીર્તન તથા અંતાક્ષરી સહિતની પ્રવૃત્તિઓ યોજાતા ભક્તિ સાથે આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો હતો. ઝાલોદથી સંતરામપુર થઈ કડાણા તરફના માર્ગે રાજસ્થાન બોર્ડર નજીક આવેલા પીઠ મહાદેવના પવિત્ર ધામે મહિલાઓ પહોંચી હતી. આશરે 80 કિલોમીટરનો પ્રવાસ કરી પીઠ મહાદેવ ખાતે પહોંચેલા યાત્રિકોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ધાર્મિક માન્યતા મુજબ પીઠ મહાદેવનું મંદિર સ્વયંભૂ હોવાનું માનવામાં આવે છે અને અહીં દર્શન કરવાથી મનોકામનાઓ પૂર્ણ થતી હોવાની ભક્તોમાં શ્રદ્ધા છે. યાત્રિકોની સુવિધા માટે ચા-નાસ્તા તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકો માટે વિવિધ રમતો અને રમતગમતની પ્રવૃત્તિઓનું પણ આયોજન કરાયું હતું.

મુંબઈ દિલ્હી એક્સપ્રેસ વે પર SMCની કાર્યવાહી

## કારેલા પાસે વડોદરા જતી ટ્રકમાંથી રૂા.૨૭.૯૨ લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

'અશોક લેલેન્ડ બંધ બોડીનો કન્ટેનર નં. GJ-૨૧-Y-૬૯૭૦'માં ગોવાથી ટ્રાન્સપોર્ટના સામાનની આડમાં ગેરકાયદેસર રીતે ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરાવી વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે SMC ટીમે હાઈવે પર વોચ ગોઠવી હતી. રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં,ભરૂચ જીલ્લાના કારેલા ગામ પાસે શંકાસ્પદ ટ્રકને અટકાવવામાં આવી હતી. તપાસ દરમિયાન, ટ્રકમાં ફીનોલેશ કેબલ કંપનીના પાઈપોના બન્ડલ નીચે ખાખી પૂઠાનાં બોક્ષમાં ઈંગ્લિશ દારૂની બોટલો છુપાવેલી મળી આવી હતી.જેમાં વિદેશી દારૂમાં અલગ-અલગ કાચની અને પ્લાસ્ટિકની કુલ ૭,૩૯૨ બોટલો જેની કિંમત રૂ. ૨૭,૯૮,૪૦૦/- ,દારૂની હેરફેરમાં વપરાયેલ અશોક લેલેન્ડ બંધ બોડી ટ્રક રૂ. ૧૫,૦૦,૦૦૦/-, એક મોબાઈલ રૂ.૧૦,૦૦૦/-,દારૂ છુપાવવા માટે વપરાયેલ RPVC પાઈપોના બન્ડલ (૨૯૦) અને બોક્સ (૧૦),જેની કિંમત રૂ. ૯,૧૧,૮૨૮/- મળીને કુલ રૂ.૫૨,૧૫,૨૨૮/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ટ્રકના ડ્રાઈવર ગુલફાન ઉર્ફે મુન્ના ઉર્ફે સુલતામીર્ઝા હમીદખાન પઠાણ (ઉ.વ. ૨૫)ને ધરપકડ કરી છે. તે મૂળ ઉત્તર પ્રદેશ, જિલ્લા બાંદાનો વતની છે, પરંતુ હાલ વાપી, જિલ્લા વલસાડમાં રહે છે. ડ્રાઈવર ગોવાના પ્રમોદ યાદવના સંપર્કમાં હતો, પ્રમોદ યાદવે દારૂ ભરવા માટે બબલુ શેખને લોકેશન મોકલવાની અને રૂ. ૩૦,૦૦૦/- આપવાની વાત કરી હતી. આ વચ્ચે, એક અજાણ્યો શખ્સ એક્ટિવા મોપેડ (GA-05-R-9913) લઈને દારૂ ભરવા આવ્યો હતો અને બે કલાક પછી દારૂ ભરેલ કન્ટેનર પરત આપી ગયો હતો . વધુમાં પણ જણાવ્યું કે તેને વડોદરા નજીક ટોલનાકા પાસે માલ સોંપવાનો હતો.આ રેકેટમાં દારૂનો જથ્થો મોકલનાર પ્રમોદ યાદવ, દારૂ ભરવા માટે લોકેશન મોકલનાર.બબલુ શેખ બંને રહે. ગોવા,કન્ટેનરનો માલિક દેવગ્રત ત્રીપાઠી રહે.વાપી, એક્ટિવા મોપેડ GA-05-R-9913 અને સ્કુટર GA-03-AD-6283 ના માલિકો, વડોદરા ખાતે માલ લેવા આવનાર અજાણ્યો માણસ વોન્ટેડનાં નામનો ઘટસ્ફોટ કર્યો છે.

## SGSPના શિક્ષકોને રૂ.૧૦ લાખનો વીમો આપવા માગ

**છોટાઉદેપુર જિલ્લાના** એકપણ પ્રાથમિક શિક્ષકને લાભ મળ્યો નથી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા. 8

જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, છોટાઉદેપુર દ્વારા SBI બેંક સમક્ષ SGSP (સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી પેકેજ) યોજનામાં સમાવિષ્ટ તમામ સરકારી પ્રાથમિક શિક્ષકોને રૂ.10 લાખના ઈન્શ્યોરન્સનો લાભ આપવા તેમજ પોલિસીની નકલ ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરવામાં આવી છે.જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના જણાવ્યા મુજબ છોટાઉદેપુર, બોડેલી, કવાંટ, પાવી-જેતપુર, નસવાડી, સંખેડા અને કદવાલ તાલુકામાં જિલ્લા પંચાયત સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોનો SGSP યોજનામાં સમાવેશ કરવામાં

આવ્યો છે. આ અંગે આસિસ્ટન્ટ જનરલ મેનેજર, રાજપીપળા દ્વારા તા.23/10/2023ના પત્ર તેમજ જિલ્લા પંચાયત છોટાઉદેપુર અને SBI વચ્ચે થયેલા સેલેરી પેકેજ યોજનાના MOUનો પણ સંદર્ભ અપાયો હતો.સંઘે આક્ષેપ કર્યો છે કે SBI દ્વારા SGSP યોજના હેઠળ મળવાપાત્ર વિશેષ લાભોમાં ઈન્શ્યોરન્સનો સમાવેશ દર્શાવવામાં આવ્યો હોવા છતાં છોટાઉદેપુર જિલ્લાના એકપણ પ્રાથમિક શિક્ષકને હજુ સુધી ઈન્શ્યોરન્સનો લાભ આપવામાં આવ્યો નથી અને પોલિસીની નકલ પણ આપવામાં આવી નથી.

## સાધલી-ટીમ્બરવા માર્ગ પર અજગર દેખાતા વાહનચાલકોમાં ભય

(પ્રતિનિધિ) શિનોર, તા.8

શિનોરના સાધલીથી ટીમ્બરવા જતા મુખ્ય માર્ગ પર રોડ વચ્ચે મહાકાય અજગર દેખાતા વાહનચાલકમાં કુતૂહલ જોવા મળ્યું હતું. મળતી માહિતી મુજબ, સાધલીથી ટીમ્બરવા તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક મહાકાય અજગર રોડ વચ્ચે આડો આવી ગયો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે પોતાની કાર રોકી દીધી હતી. વાહનચાલકે મોબાઈલમાં અજગરનો વીડિયો પણ બનાવ્યો હતો. અજગર રોડ પરથી પસાર થઈ રોડની સાઈડમાં જાય ત્યાં સુધી વાહનચાલકે પોતાની કાર રોકી રાખી હતી. જેના કારણે રોડ પર આવેલા મહાકાય અજગરનો જીવ બચ્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.

૬-૭ ની ક્ષમતામાં ૧૫ થી ૨૦ બાળકો ભરાતા હોવાનો આક્ષેપ

## સંખેડા-ડભોઈ: સ્કૂલ વાનમાં સીટના બદલે પાટિયું! વિદ્યાર્થીઓની સુરક્ષા જોખમમાં

**રતનપુર** રૂટની વાનમાં ઘેટાં-બકરાંની જેમ બાળકો ભરાયા, જાગૃત સરપંચે રોકી

(પ્રતિનિધિ) સંખેડા, તા.8

ડભોઈ તાલુકાના હબીપુરા ખાતે આવેલી નોબલ પબ્લિક સ્કૂલના સંચાલકોની બેદરકારીનો વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. અગાઉ નાની વાનમાં ઠસોઠસ વિદ્યાર્થીઓ ભરવાની વાત સામે આવી હતી, ત્યારે હવે સીટની જગ્યાએ લાકડાના પાટિયા મૂકીને વિદ્યાર્થીઓને બેસાડવામાં આવતા હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સંખેડા તાલુકાના રતનપુર, દમોલી, રામપુરા, અરીઠા ગામથી હબીપુરા નોબલ સ્કૂલમાં ભણવા જતા વિદ્યાર્થીઓ માટે જે સ્કૂલ વાન મુકવામાં આવી છે, તેમાં કંપનીની ઓરીજનલ સીટો કાઢીને તેની જગ્યાએ દેશી જુગાડ કરીને લાકડાના પાટિયા ફીટ કરવામાં આવ્યા છે. એક નાની ઈકો જેવી વાનમાં 6-7 ની ક્ષમતા હોય ત્યાં 15 થી 20 બાળકોને આ પાટિયા પર બેસાડીને રોજેરોજ જોખમી સવારી કરાવવામાં આવે છે.

બાળકોને બેસવા પણ પૂરતી જગ્યા નથી મળતી, ઉભા રહીને, એકબીજા પર પડીને જવા મજબૂર બન્યા છે. જો વાનને નાની-મોટી પણ અકસ્માત થાય તો બાળકો ફંગોળાઈ જાય અને મોટી જાનહાનિ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ ગંભીર બાબતની જાણ રતનપુર ગામના જાગૃત સરપંચ મોતીભાઈ રોહિતને થતા તેઓએ રૂબરૂ વાન રોકીને તપાસ કરી હતી. દ્રશ્ય જોઈને તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે તાત્કાલિક સ્કૂલના પ્રિન્સિપાલ અને ટ્રસ્ટીઓને ટેલિફોનિક જાણ કરી કડક રજૂઆત કરી હતી.

## ડભોઈ રેલ્વે સ્ટેશનમાં કાયદાનો રક્ષક કાયદો તોડતા કેમેરા મા કેદ

**મુસાફરોને** પાટા ઓળંગવા બદલ દંડ, મહિલા પોલીસ કર્મચારી જ પાટા ઓળંગતા કેમેરામાં કેદ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 8

એક વખત નુ એશિયા નુ સૌથી વ્યસ્ત રેલ્વે સ્ટેશન મનાતુ ડભોઇ ગેજ પરીવર્તન બાદ સતત વિવાદ માં રહે છે તાજેતરમાં ટ્રેન ના ડબ્બામાં એક મુસાફર બીયર પીતો વિડિયો વાયરલ થયેલ જેના સમાચાર ની શાહી સુકાઈ નથી ત્યાં રેલ્વે મા ફરજ બજાવતા મહીલા પોલીસ કર્મચારી એક પ્લેટફોર્મ થી બીજા પ્લેટફોર્મ પર જવા સલામત માર્ગ ને બદલે રેલ્વે ના પાટા ઓળંગી રહેલા તસ્વીર માં કેદ થયા છે કહે છે જો મુસાફર

પાટા ઓળંગે તો કાયદા નો પાઠ ભણાવી પ્રતાપનગર લઈ જઈ દંડ વસુલવામાં આવે છે તો કાયદા ના રક્ષક પોલીસ માટે કોઈ નિયમ નહીં ? આ તસ્વીર બપોર ના ૩-૪૫ વાગ્યે લેવામાં આવી હોવાનું મનાય છે ડભોઇ રેલ્વે માં કાયદા ના માપદંડ અલગ અલગ કેમ ? બીયર ના વિડિયો બાદ આ તસ્વીર પણ ચર્ચા ના એરણે છે રેલવે વિભાગ તપાસ કરી પગલાં ભરશે ? કે પછી સબ સલામત ની ગુલબાંગો પોકરાશે ?

ડભોઇ રેલ્વે ની જેની જવાબદારી છે એ પોલીસ કર્મચારી કાયદો તોડતા તસ્વીર મા કેદ થયા છે !

પાદરા ધારાસભ્યની રજૂઆત રંગ લાવી

## પાદરા CHCના નવીનીકરણ માટે રૂા. ૬.૬૦ કરોડની મંજૂરી

(પ્રતિનિધિ) પાદરા,તા. 8

પાદરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC)ને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે અંદાજિત રૂ. 6.60 કરોડના ખર્ચે નવીન બનાવવાની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. પાદરા વિધાનસભાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના અથાગ પ્રયત્નો અને સતત રજૂઆતોને પગલે આ મહત્વપૂર્ણ મંજૂરી મળતા પાદરા તાલુકાની જનતામાં આનંદની લાગણી પ્રસરી છે. પાદરા તાલુકામાં વધતી જતી વસ્તી અને આરોગ્ય સેવાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પાદરા CHCના નવીનીકરણની લાંબા સમયથી જરૂરિયાત અનુભવાઈ રહી હતી. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા આ અંગે રાજ્ય સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરી CHCને આધુનિક અને સુવિધાસભર બનાવવા માટે જરૂરી મંજૂરી તથા ગ્રાન્ટ ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યની રજૂઆતોને રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપતા હવે અંદાજિત રૂ. 6.60 કરોડના ખર્ચે પાદરા CHCનું નવીનીકરણ કરવામાં આવશે. આ કામગીરીથી પાદરા શહેર ઉપરાંત તાલુકાના વિવિધ ગામડાઓમાંથી સારવાર માટે આવતા દર્દીઓને વધુ સારી અને આધુનિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બનશે. CHCના નવીનીકરણથી હોસ્પિટલનું માળખું વધુ સુવિધાસભર બનવાની સાથે દર્દીઓ અને તેમના પરિવારજનો માટે જરૂરી સુવિધાઓમાં પણ વધારો થશે. સ્થાનિક સ્તરે વધુ સારી આરોગ્ય સેવા ઉપલબ્ધ બનવાથી ગંભીર તથા તાત્કાલિક સારવાર માટે અન્ય શહેરોમાં જવાની જરૂરિયાતમાં પણ ઘટાડો થવાની આશા છે. આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા એ પાદરા વિધાનસભાની જનતા વતી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, પાદરા વિધાનસભાની જનતાને વધુ સારી અને આધુનિક આરોગ્ય સુવિધાઓ મળે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પાદરા CHCના નવીનીકરણ માટે રૂ. 6.60 કરોડની મંજૂરી મળવી એ સમગ્ર વિસ્તાર માટે મહત્વપૂર્ણ વિકાસલક્ષી પગલું છે.

## બોડેલીની શાળામાં શાળામાં શિક્ષક દિનની ઉજવણી

(પ્રતિનિધિ) બોડેલી,તા. 8

તારીખ 8/ 9/ 2026 ના રોજ શેઠ એચ .એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ બોડેલીમાં શાળાના આચાર્યશ્રી સુરેશકુમાર એસ .પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી પાંચમી સપ્ટેમ્બર ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણન જન્મદિનને આખા ભારત દેશમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે તેના ભાગ સ્વરૂપે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વશાસન દિન ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ પોતપોતાનો વર્ગ જાતે જ સુશોભન કર્યો હતો આખા દિવસનું શિક્ષણકાર્ય તેમજ વહીવટી કાર્ય ની જવાબદારી વિદ્યાર્થીઓએ સંભાળી લીધી હતી શાળામાં પાંચ તાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ મુખ્ય વિષયનો શિક્ષણ કાર્ય કરવામાં

આવ્યું હતું 137 શિક્ષકો 5 ક્લાર્ક 2સેવકભાઈ અને1 લાઈબ્રેરીયન આમ કુલ 145 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો એક દિવસના આચાર્ય તરીકે ગોધાણી તક્ષ નિલેશભાઈ સાયન્સ વિભાગ માધ્યમિક વિભાગના સુપરવાઈઝર રાઠોડ અક્ષરાજ સિંહ મહેન્દ્રસિંહ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ સામાન્ય પ્રવાહ ના સુપરવાઈઝર ભાવસાર પ્રયાગ ચંદ્રકાંતભાઈ એ વહીવટ સંભાળ્યો હતો ત્યારબાદ એક દિવસ માટે બનેલા શિક્ષક પ્રતિભાવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## સેજાકુવા ગામની સીમમાં અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકાના સેજાકુવા ગામની સીમમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકાવવામાં આવેલી બાઈક રોડની બાજુમાં ઉભેલી અન્ય બાઈક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ,ગત રોજ સાંજના અરસામાં સેજાકુવા ગામની સીમમાં રોડ ઉપર આ અકસ્માત સર્જાયો હતો. લીમખેડા તાલુકાના અગારા (ઉ) ગામના નિશાળ ફળિયામાં રહેતા શૈલેષભાઈ અબલાભાઈ ઉર્ફે અભેસિંગભાઈ બારીઆ (ઉ.વ. ૩૫) પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની બાજુમાં ઉભેલી મોટરસાઈકલ સાથે અથડાયા હતા.

## શિક્ષણ-સેવા-સમર્પણના સંગમથી તેજલબેન પંચાલ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક બન્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 8

શિક્ષણએ માત્ર પુસ્તકીય જ્ઞાન પીરસવાનું સાધન નથી, પરંતુ બાળકના સર્વાંગી વ્યક્તિત્વને ઘડવાની અને સમાજને નવી દિશા ચિંધવાની એક પવિત્ર સાધના છે. આ ઉમદા વિચારને છોટાઉદેપુર જિલ્લાના બોડેલી સ્થિત અલીપુરાની નવજીવન હાઈસ્કૂલના માધ્યમિક વિભાગના શિક્ષિકા તેજલબેન પંચાલ પોતાના કાર્ય દ્વારા ચરિતાર્થ કરી રહ્યા છે. M.A. અને B.Ed. સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવતા તેજલબેન શાળામાં સંસ્કૃત અને ગુજરાતી વિષયના અધ્યાપન સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૨૫માં માધ્યમિક વિભાગમાં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત થયા હતા. વર્ષ ૨૦૨૬માં તેમની રાજ્ય કક્ષાના 'શ્રેષ્ઠ શિક્ષક પારીતોષિક' તરીકે પસંદગી થઈ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનથી શાળા પરિવાર સહિત સમગ્ર છોટાઉદેપુર વિસ્તારમાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

તેજલબેને વિદ્યાર્થીઓ માટે અભ્યાસને સરળ અને રસપ્રદ બનાવવા પેરાગોજી વિશિષ્ટ શૈક્ષણિક પેટર્ન અપનાવી છે. વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ તેમને ત્રણ કલર કાર્ડમાં વર્ગીકૃત કરીને અભ્યાસ કરાવે છે એ વિશે વાત કરતા તેઓ જણાવે છે કે, રેડ કાર્ડ (લાલ કાર્ડ)માં એવા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.